# 8. છાલ, છોતરાં અને ગોટાલા

## સ્વાધ્યાય

1. પ્રશ્નની નીચે આપેલા વિકલ્પોમાંથી સાચો વિકલ્પ પસંદ કરી ખરાની નિશાની કરો :

1) બકુલ ત્રિપાઠીના મતે ભારતદેશમાં આપણે કઈ નવી સંસ્કૃતિ વિકસાવી છે ?

(A) શ્રીરામ, શ્રીકૃષ્ણ અને ભગવાન બુદ્ધની સંસ્કૃતિ

(B) પુરાણાં મંદિરો, સ્થાપત્યો અને સ્તુપોની સંસ્કૃતિ

(C) છાલ, છોતરાં અને ગોટલાની સંસ્કૃતિ

(D) વેદ, પુરાણો, ઉપનિષદની સંસ્કૃતિ

2) વિશ્વના શ્રેષ્ઠ આંબા આપનાર પરમેશ્વરને આપણે આભારવશ થઈને શું અર્પણ કરીએ છીએ ?

(A) અમૃત જેવી કેરી

(B) આમ્રફળ

(C) આંબાનાં પાંદડાં

(D) ગોટલા

3) બકુલ ત્રિપાઠીના મતે મગફળીનાં ફોતરાં આપણે ક્યાં વેરીએ છીએ ?

(A) બગીચામાં

(B) શાળાના વર્ગમાં

(C) થિયેટરમાં

(D) (A) (B) (C) ત્રણેયમાં

Get More Learning Materials Here : CLICK HERE www.studentbro.in

4) ઑલિમ્પિકમાં કઈ સ્પર્ધા રાખવાનું લેખક સુચવે છે ?

(A) દડાફેંકની

(B) ભાલા ફેંકવાની

(C) કેળાંની છાલ ફેંકવાની

(D) દોડવાની

2. નીચેના પ્રશ્નોના બે-ત્રણ વક્યોમાં ઉત્તર લખો :

1) અમેરિકાના ખેલાડીઓને લેખકે કઈ ચેલેન્જ કરી ?

- લેખકનું કહેવું છે ઑલિમ્પિકવાળા કેળાંની છાલફેંકની સ્પર્ધા રાખે તો ભારતીય ખેલાડીને જ સુવર્ણચંદ્રક મળે. આથી અમેરિકાના ખેલાડીઓને લેખકે ચૅલેન્જ કરી કે તમારામાં તાકાત હોય અને તમારી માએ શેર સૂંઠ ખાધી હોય, તો ઑલિમ્પિકમાં કેળાંની છાલફેંકની સ્પર્ધા રાખો !

2) કીડીઓના પરિવારની લેખકે કઈ ચિંતા વ્યક્ત કરી છે ?

- લેખકને કીડીઓના પરિવારની ચિંતા છે, કારણ કે તેઓ જીવદયાપ્રેમી છે. આપણે શિંગનાં ફોતરાં રૂમાલમાં લઈ, એની નાની પોટલી વાળીને ખિસ્સામાં મૂકી દઈએ અને રસ્તે જતાં-આવતાં મ્યુનિસિપાલિટીની કચરાપેટી દેખાય એમાં એ પોટલીમાં રહેલો કચરો ઠાલવી દઈએ, તો બિચારી કીડીઓને પોતાના ખોરાક માટે કેટલું ચાલવું - પડે ? એ બિચારી કીડીઓ થાકી જાય ! એટલે આપણે એમના પર દયા કરીને તેમને ફોતરાંની હોમડિલિવરી આપીએ છીએ.

3. નીચેના પ્રશ્નોના સાત-આઠ વાક્યોમાં ઉત્તર લખો :

1) જીવદયા પ્રેમના નામે લેખક પિણી કઈ નબળાઈ તરફ દાન દોરે છે?

- આપણે ફોફાંનાં ફોતરાંને ગમે ત્યાં ફેંકવાને બદલે એને રૂમાલમાં લઈ, તેની નાની પોટલી વાળીને ખિસ્સામાં રાખવી જોઈએ. પછી જતાં-આવતાં જ્યાં મ્યુનિસિપાલિટીની કચરાપેટી દેખાય ત્યાં જઈને એમાં ઠાલવી દેવી જોઈએ, પણ આપણને એવી ટેવ જ નથી. આપણે રહ્યા જીવદયાપ્રેમીઓ. આપણે જાણીએ છીએ કે શિંગનાં ફોતરાં પર કીડીઓ આવે છે. ઘણી વાર એ સહકુટુંબ મિત્રમંડળ સાથે આવે છે. એ બિચારું સાવ નાનું જંતુ ચાલીને છેક કચરાપેટી સુધી ક્યાં જઈ શકવાનું ? થાકી ન જાય? એમ વિચારીને એના પર દયા કરીને આપણે કીડીને ફોતરાંની જાણે હોમડિલિવરી કરીએ

Get More Learning Materials Here : CLICK HERE www.studentbro.in

છીએ. લેખક આમ કહીને ગમે ત્યાં કચરો ફેંકવાની આપણી નબળાઈ તરફ ધ્યાન દોરે છે અને આપણી આ કુટેવ પર હળવો કટાક્ષ પણ કરે છે.

### 2) "છાલ, છોતરાં અને ગોટલાં" પાઠમાંથી આપણને શું શીખવા મળે છે?

- 'છાલ, છોતરાં અને ગોટલાં' પાઠમાંથી મુખ્ય એ વાત શીખવા મળે છે કે આપણે સ્વચ્છતા પ્રત્યે જાગ્રત નથી. પરંતુ જ્યાં સ્વચ્છતા હોય ત્યાં જ પ્રભુનો વાસ હોય. આથી આપણે આપણાં તમામ મંદિરોને અને એની આસપાસના પરિસરને સ્વચ્છ રાખવાં જોઈએ. ત્યાં કચરો ફેંકીને ગંદકી ન કરવી જોઈએ. આપણાં ઘરની આસપાસના પરિસરને તથા જાહેર સ્થળોને પણ સ્વચ્છ રાખવાં જોઈએ. ઉનાળાની ઋતમાં ચારે બાજુ કેરીનાં ગોટલાં ફેંકવાને બદલે નજીકમાં મૂકેલી મ્યુનિસિપાલિટીની કચરાપેટીમાં નાખવાં જોઈએ. એનાથી મધમાખીનો ઉપદ્રવ નહિ થાય. આપણે કેળાંની છાલ પણ રસ્તા પર ન ફેંકવી જોઈએ. ટૂંકમાં, શિંગનાં ફોતરાં હોય કે નાળિયેરનાં છોતરાં, તેને પોટલીમાં વાળીને ખિસ્સામાં કે થેલીમાં મૂકી દેવાં અને બહાર જતાંઆવતાં જ્યાં મ્યુનિસિપાલિટીની કચરાપેટી દેખાય એમાં નાખી દેવાં. ઘર, શાળા, મંદિર, જાહેર રસ્તા કે જાહેર સ્થળોને સ્વચ્છ રાખવા એ આપણા સૌની ફરજ છે. આ વાતને લેખકે અનેક ઉદાહરણો દ્વારા, કાવ્યપંક્તિ અને ફિલ્મી ગીતોની પંક્તિઓ ટાંકીને વ્યંગ્યાત્મક શૈલીમાં સમજાવી છે અને આપણી આવી અણઘડ કુટેવોને દૂર કરવાની વાત કરી છે.

Get More Learning Materials Here : CLICK HERE www.studentbro.in